**2811N854** Candidate's Seat No :_________

**B.R.S. (RFM/RHM) Sem.-5 Examination**

**Elective-7**

**World Religion**

**Time : 2-30 Hours] November-2024 [Max. Marks : 70**

**સૂચના :** (૧) બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
(૨) દરેક પ્રશ્નનાં ગુણ સમાન છે.

૧ માનવજીવનમાં ધર્મોનું સ્થાન તથા મહત્વ જણાવી હિન્દુ ધર્મમાં ઇશ્વર અંગેની માન્યતા વિશે લખો. ૧૪

અથવા

ધર્મોના વિવિધ અર્થો તેમજ કોઈ બે વ્યાખ્યા આપી, ઉપનિષદ, પુરાણો તથા ભગવદ્ ગીતાનું હિન્દુ ધર્મમાં શું સ્થાન છે તે વિગતે સમજાવો.

૨ જૈન ધર્મની ઐતિહાસિક ભૂમિકા દર્શાવી મહાવીર સ્વામીના જીવન તથા તેમણે આપેલ ઉપદેશ વિશે વિગતે લખો. ૧૪

અથવા

જૈન ધર્મમાં અહિંસાના સિદ્ધાંતનું શું મહત્વ છે તે સ્પષ્ટ કરી કર્મના સિદ્ધાંત વિશે પૂરી માહિતી આપો.

૩ ગૌતમ બુદ્ધના જીવન વિશે માહિતી આપી તેમણે આપેલા ઉપદેશ વિશે લખો; તથા બૌદ્ધ ધર્મના કયા આર્ય સત્યો છે તે વિશે સંપૂર્ણ નોંધ લખો. ૧૪

અથવા

ઈસુ ખ્રિસ્તના જીવન વિશે માહિતી આપી તેમના ગિરિ પ્રવચનો વિશે વિગતે સમજ આપો.

૪ ઇસ્લામ ધર્મ પહેલાં આરબોનું જીવન કેવું હતું તે જણાવી મહંમદ પયગંબરના જીવન વિશે માહિતી આપો. ૧૪

અથવા

ઇસ્લામ ધર્મમાં રહેલા સિદ્ધાંત 'દીન' અને 'ઈમાન' વિશે સવિસ્તાર નોંધ લખો.

૫ નીચેના પ્રશ્નોનાં ટૂંકમાં જવાબ લખો (કોઈપણ સાત) : ૧૪

(૧) 'વેદાંત' નામે ઓળખાતા સાહિત્યને બીજા કયા પ્રચલિત નામે ઓળખવામાં આવે છે?
(૨) કયા ધર્મએ 'મધ્યમમાર્ગ' વિચારધારાને પ્રાધાન્ય આપ્યું છે?
(૩) ઇસ્લામ ધર્મ અનુસાર 'પયગંબર' નો અર્થ શું થાય છે?
(૪) ઉપનિષદનો સાદો અર્થ ઉપાસના થાય છે. - આ વાક્ય સાચું છે કે ખોટું?
(૫) મહાવીર સ્વામીનું મૂળ નામ શું હતું?
(૬) ઇસુ ખ્રિસ્તનો જન્મદિન કયા નામના તહેવારથી ઓળખાય છે?
(૭) હિન્દુ ધર્મમાં 'દેવદૂત' જેવી સંકલ્પના ઇસ્લામ ધર્મમાં કયા નામથી ઓળખાય છે?
(૮) તીર્થંકરોની પરંપરા કયા ધર્મની ઓળખ કરાવે છે?
(૯) હિન્દુઓના જીવનના અંતિમ સંસ્કારને કયા સંસ્કાર તરીકે ઓળખવામાં આવે છે?
(૧૦) ઇસ્લામ ધર્મમાં 'રોજા' એટલે શું?
(૧૧) 'ભગવદ્ ગીતા' નો પ્રથમ ઉપદેશ કયો છે?
(૧૨) બૌદ્ધ ધર્મના ધર્મગ્રંથનું નામ શું છે અને તે કઈ ભાષામાં લખાયેલ છે?